ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૫૬ ટકા

ગાંધીનગર તાપમાન

જીએસટી કે 'ગુંચવણભરેલો સમસ્યારૂપ ટેક્ષ?'

શહેરના નાના-મધ્યમ વિતરકો-સર્વિસ પ્રોવાઈડર્સમાં જીએસટી નંબર લેવો કે નહિ તે બાબતે ભારે અવઢવ

ગાંધીનગર, તા.૫

કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧લી જુલાઈથી દેશભરમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ લાગુ પાડી દેવામાં આવ્યો છે. જીએસટીને આમ તો વડાપ્રધાને 'ગુડ અને સિમ્પલ ટેક્ષ' ગણાવ્યો છે. પરંતુ હાલ જીએસટી બાબતે સામાન્ય વેપારીઓ તથા સર્વિસ પ્રોવાઈડરોમાં ભારે અસમંજસભરી સ્થિતિ સર્જાયેલી જોવા મળી રહી છે. ગાંધીનગરમાં પણ જીએસટી બાબતે અવઢવનો માહોલ જોવા મળી રહ્યો છે અને નાગરિકો આ સમસ્યાનો હલ શોધવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ તથા ટેક્ષ પ્રેકટિશ્નરોની ઓફિસના ચકકરો કાપી રહ્યા છે. આ પરિસ્થિતિમાં સોશ્યલ મિડીયા પર જીએસટીની થઈ રહેલ મજાકની ભાષામાં કહીએ તો જીએસટી અત્યારે તો 'ગુંચવણભરેલો સમસ્યારૂપ ટેક્ષ' ભાસી રહ્યો છે.

જીએસટી લોન્ચ કરતા સરકાર દ્વારા માધ્યમોમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ૨૦ લાખ સુધીનું ટર્ન ઓવર ધરાવતા વેપારીઓને કે સર્વિસ પ્રોવાઈડરોને જીએસટી ભરવો નહી પડે પરંતુ આ સાથે આ વેપારીઓએ સર્વિસ પ્રોવાઈડરોએ જીએસટી નંબર લેવો કે નહી તે અંગે સ્પષ્ટતા નહોતી થઈ. હવે આવા મધ્યમ અને નાની કક્ષાના વિતરકો તથા સર્વિસ પ્રોવાઈડરોને તેમન સપ્લાયર્સ અથવા સોર્સ સર્વિસ પ્રોવાઈડર્સ

જીએસટી કાપીને બિલ બનાવવા માટે જીએસટી નંબર માંગે છે. જયાં સુધી જીએસટી નંબર આપવામાં નહીં આવે ત્યાં સુધી બિલ નહીં બની શકે તેથી માલ પણ ડિસ્પેચ નહી થઈ શકે તેવી સપ્લાયર્સ વાત કરતા હોવાથી વિતરકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. અને તાત્કાલિક જીએસટી નંબર લેવા શું કરવું તે અંગે તેમના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ અથવા ટેક્ષ પ્રેકટિશ્નર્સ પાસે સલાહ લેવા દોડતા થઈ જવા પામ્યા છે. વળી અત્યાર સુધી આમાંથી ઘણા નાના વિતરકો એને તો કયારેય ચાટર્ડ એકાઉન્ટન્ટ કે ટેક્ષ પ્રેકટિશ્નરની સેવાઓની જરૂર પડી નહોતી તેથી કોની પાસે વિશ્વાસપાત્ર સલાહ માટે જવું તેની અવઢવમાં મુકાયા છે.

શહેરમાં હોટલ, હોસ્પિટાલિટી, સોફટવેર, કુરિયર અનેક પ્રકારના રિપેરીંગ કામ કરતા નાના મધ્યમ સર્વિસ પ્રોવાઈડર્સને પણ જરૂર પડતા માલસામાન અને સોર્સ સર્વિસ માટે આ જ પ્રકારની મુશ્કેલી પડવા લાગી છે. સપ્લાયર્સ કહે છે અમે જીએસટી કાપીને બીલ બનાવીશું તમારે જીએસટી રિટર્ન ફાઈલ કરી રિફંડ માંગી લેવાનું એટલે તમને પરત મળી જશે પરંતુ આ પ્રક્રિયા માટે જીએસટી નંબર ફરજીયાત લેવો પડશે. આ સંજોગોમાં શહેરના નાના-મધ્યમ વિતરકો-સર્વિસ પ્રોવાડઈર્સ માટે હાલ તો જીએસટી 'ગુંચવણભરેલો સમસ્યારૂપ ટેક્ષ' ભાસી રહ્યો છે.

@ગાંધીનગર

● શહેર પેન્શનર્સ સમાજ સમિતિની બેઠક સાંજે ૫.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ, સે-૨૨ ખાતે યોજાશે.

● મા મેલડી ગરબા મંડળ દ્વારા સેકટર-૩-સી શકિત ચોક મંદિરમાં બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

શહેરના જેનરીક સ્ટોર્સમાં બીપી તેમજ કેલ્શિયમની દવાની અછત

ગાંધીનગર, તા.૫

અતિ મોંઘીદાટ દવાની સામે દરેક વ્યકિતને સરળ અને સસ્તી દવા સરળતાથી મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા પંડિત દિનદયાળ જન ઔષધી સ્ટોર ખુલ્લા મુકવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં પણ ચાર જેનરીક દવાના સ્ટોર તંત્ર દ્વારા ખુલ્લા મુકવામાં આવ્યા છે. પરંતુ આ સ્ટોરમાં છેલ્લા દશ દિવસથી બીપી અને કેલ્શીયમની દવા હાજર સ્ટોકમાં નથી. દર્દીઓને દવા ખરીદવા માટે એક સ્ટોરથી બીજા સ્ટોર ભટકવુંપડે છે.છતા દરેક સ્ટોર પર એક જ જવાબ સાંભળવા મળે છે કે આ દવા નથી ટુંક સમયમાં આવી જશે. જેનરીક દવા હાજર સ્ટોકમાં ન હોવાથી ના છુટકે દર્દીઓને મેડીકલ સ્ટોરમાંથી મોંઘીદાટ દવા ખરીદવાનો વારો આવે છે.

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા નાગરીકો માટે વિવિધ આરોગ્યલક્ષી યોજના અમલમાં લાવવામાં આવી છે. રાજયના છેવાડાના માનવીને પણ વિવિધ યોજના નો લાભ મળી રહે તે માટે તંત્ર સતત પ્રયત્નો કરી રહ્યું છે. ત્યારે રાજયના દર્દીઓને મોંઘીદાટ દવાઓ ખરીદવાનો વારો આવતો હતો. તેના સ્થાને સરકાર દ્વારા દરેક વ્યકિતને સારી, સસ્તી અને સરળતાથી દવા મળી રહે તેવા ઉમદા હેતુથી પંડિત દિનદયાલ ઉપાધ્યાય જેનરીક દવાના સ્ટોર ખુલ્લા મુકવામાં આવ્યા છે. પરંતુ મોટાભાગના સ્ટોરમાં દવાઓ હોતી નથી.જેને પગલે દર્દીઓને ના છુટકે ખાનગી મેડીકલ સ્ટોરમાંથી દવા ખરીદી કરવાનો વારો આવે છે. શહેરમાં પણ જેનરીક દવાના ચાર સ્ટોર હોવા છતા દર્દીઓને બ્લડપ્રેશર તેમજ કેલ્શિયમની દવા મળતી નથી.ગાંધીનગરાઓ એક સ્થળથી બીજા સ્થળે રોજ આંટા મારે છે છતા એક જવાબ મળે છે ટુંક સમયમાં આવી જશે લઈ જાજો. પરંતુ છેલ્લા અઠવાડીયાથી દવા ન હોવાથી દર્દીઓએ કંટાળી ખાનગી સ્ટોરમાંથી બ્લડપ્રેશરની મોંઘીદાટ દવા ખરીદવી પડી હતી. ત્યારે જેનરીક દવામાં જરુરીયાત સમયે દવા ન મળતા નગરના દર્દીઓ તેમજ નાગરીકોમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે. જયારે તંત્ર દ્વારા શરુ કરાયેલા જેનરીક સ્ટોરમાં સરળતાથી દવા મળે તેવી જોગવાઈ કરવામાં આવે તેવી માંગ પણ નાગરીકો કરી રહ્યા છે.

'સ્માર્ટ સીટી'માં ઉભરાતી કચરાપેટીઓ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટરોમાં સ્વચ્છતા જળવાય તે હેતુથી વિવિધ સ્થળે તંત્ર દ્વારા કટરાપેટીઓ મુકવામાં આવી છે. જો કે મોટી કચરાપેટીઓ છેલ્લા ત્રણ ચાર દિવસથી ખાલી કરવામાં આવતી ના હોવાથી સ્વચ્છતાના નામે સ્માર્ટ સીટીની ઈજ્જતના લીરેલીરાં ઉડતા જોવાઈ રહ્યા છે. વળી, મોટાભાગની કચરાપેટીઓ સેકટરોના મુખ્ય માર્ગોની નજીક રાખવામાં આવી હોવાથી તેમાંથી ઉભરાતી ગંદકીના કારણે વાહનચાલકો ઉપરાંત ત્યાંથી પસાર થતા રાહદારીઓ ભારે પરેશાનીનો ભોગ બની રહ્યા છે. શહેરના શાકમાર્કેટો તો છેવાડાના ગામ કરતા પણ વધુ ગંદકીભર્યા બનવા પામ્યા છે.

શહેરના લગભગ તમામ મુખ્ય માર્ગો પર નાની ડસ્ટબીનો તથા સેકટરોના આંતરિક ભાગોમાં મોટી

કચરાપેટીઓ મુકવામાં આવેલી છે. આ કચરાપેટીઓ નિયમિત ખાલી કરવી જરુરી હોય છે અને તે માટે તંત્ર દ્વારા વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. જો કે છેલ્લા ત્રણ ચાર દિવસથી આ કચરાપેટીઓ ખાલી કરવામાં બેદરકારી જોવા મળી રહી છે. આ કારણે કચરાપેટીઓ કચરાથી ઉભરાઈ રહી છે અને હવે કચરાપેટીની આજુબાજુ મીની ડમ્પિંગ યાર્ડ જેવી સ્થિતિ સર્જાવા લાગી છે. વળી, આ કચરાપેટીઓ ખુલ્લી રહેતી હોવાથી તેમાં ગાય-કૂતરાં વગેરે પ્રાણીઓ ખોરાકની શોધમાં ફેંદાફેંદ કરી કચરાને બહાર ફેલાવે છે. જે ઉડીને આસપાસના વિસ્તારમાં ફેલાઈ રહ્યો છે. મોટા ભાગની કચરાપેટીઓ સેકટરના આંતરિક માર્ગોની નજીક મુકવામાં આવેલી હોવાથી આ ગંદકીના કારણે ત્યાંથી પસાર થતા વસાહતીઓમાં રાહદારી બાળકો, વડીલો, મહિલાઓ સહિત વાહનચાલકો પણ દુર્ગંધના કારણે પરેશાનીનો ભોગ બની રહ્યા છે. આ સાથે ચોમાસાની સીઝન હોવાથી ગંદકી વધુ ફેલાવાને કારણે બદતર હાલત જોવા મળી રહી છે. આ સમસ્યાને કારણે ગાંધીનગરને ખરેખર 'સ્માર્ટ સીટી' કહેવું જોઈએ કે નહીં તેવું નાગરિકો એકબીજાને પુછી રહ્યાં છે.

વાતવાતમાં

● પેથાપુરથી ઘ-૭ તરફ આવતા રેલવે ફાટક ક્રોસ કર્યા બાદ તુરંત જ જીઆઈડીસી તરફ જતો માર્ગ બિસ્માર હાલતમાં છે. આ માર્ગ પર ખાડા પડી જવાના કારણે વરસાદી પાણીનો ભરાવો થયો છે. જે આ વિસ્તારમાં રહેતા ઝુંપડાવાસીઓ તથા જીઆઈડીસીના શ્રમિકોના આરોગ્ય માટે ભયજનક બનવાની સંભાવના રહેલી છે.

ગાંધીનગર જિલ્લાની વિવિધ કોલેજના કેમ્પસ એમ્બેસેડર્સની બેઠક યોજાઈ

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી સતીશ પટેલની અધ્યક્ષતામાં આજ રોજ ગાંધીનગર જિલ્લાની વિવિધ કોલેજના કેમ્પસ એમ્બેસેડર્સની બેઠક મળી હતી.

બેઠકના આરંભે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી સતીશ પટેલે જણાવ્યું હતું કે, લોકશાહીમાં એક મતનું પણ મહત્વ હોય છે. તંદુરસ્ત

લોકશાહી માટે મતદારોમાં મતદાન કરવા અંગેની જાગૃતિ હોવી પણ ખૂબ જરૂરી છે. તમામ કેમ્પસ એમ્બેસેડર્સને તેમની કોલેજનો તા.૦૧/૦૧/૨૦૧૭ની લાયકાતની તારીખે ૧૮ વર્ષ પૂર્ણ કરનાર વિદ્યાર્થી મતદાર ઓળખ કાર્ડ મેળવવામાં બાકી ન રહે તેવું કામ કરવા પણ ભારપુર્વક જણાવ્યું હતું. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી વિપુલભાઈ ઠક્કરે કોલેજના કેમ્પસ એમ્બેસેડર્સને તેમની કામગીરીની વિગતોની વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ તેમને આપવામાં આવેલા વિવિધ ફોર્મ અંગેની પણ સમજ આપી હતી. આ બેઠકમાં નાયબ કલેકટર શ્રી નિશાબેન શર્મા, નાયબ કલેકટર શ્રી સોનલબા પઢિયાર સહિત ગાંધીનગર જિલ્લાના વિવિધ કોલેજના કેમ્પસ એમ્બેસેડર્સ ઉપસ્થિત રહ્યાં હતાં.

એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાનો પદગ્રહણ અને શપથ વિધિ સમારોહ સંપન્ન

ગાંધીનગર, તા.૫

કડી સર્વ વિદ્યાલય સંચાલિત એસ.જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં આજે પદગ્રહણ અને શપથ વિધિ સમારોહ સંપન્ન થઈ ગયો. જેમાં નાથીબા હૉલમાં આમંત્રિત મહેમાનશ્રીઓની ઉપસ્થિતિમાં શાળાના કેપ્ટન, વાઈસ કેપ્ટન, સ્પોર્ટ્સ કેપ્ટન અને હાઉસ કેપ્ટન તેમજ વર્ગ પ્રતિનિધિઓનો પદગ્રહણ અને શપથ વિધિ સમારોહ યોજાયો હતો.

શાળાના પદગ્રહણ અને શપથ વિધિ સમારોહમાં આમંત્રિત મહેમાન કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ના કેમ્પસ ડાયરેકટર, રોટરી ક્લબના પ્રમુખ અને પ્રમુખ સાયન્સ કોલેજના અધ્યક્ષ શ્રી અજય ગોર સાહેબ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર શ્રી સોમભાઈ પટેલ સાહેબ ખાસ

ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના કેપ્ટન ઝીલીન પટેલ અને શાળાના વાઈસ કેપ્ટન રબીના થાપાને મહેમાનશ્રીએ પદગ્રહણ કરાવી બેચીસ અર્પણ કર્યા હતા. શાળાના ધો-૫ થી ૮ ના દરેક વિદ્યાર્થીને ગ્રીન હાઉસ, રેડ હાઉસ, ઓરેંજ હાઉસ, યલ્લો હાઉસ અને બ્લૂ હાઉસમાં વહેચી તેના કેપ્ટનની નિયુક્તિ ગત અઠવાડિયે કરવામાં આવી હતી. જેમાં પસંદગી પામેલ હાઉસ કેપ્ટનને આજે પદગ્રહણ કરાવવામાં આવ્યા હતા. ગ્રીન હાઉસના કેપ્ટન તરીકે અભિ પટેલ, યલ્લો હાઉસના કેપ્ટન તરીકે વ્રજ પટેલ, ઓરેંજ હાઉસના કેપ્ટન તરીકે હેતવી પટેલ, બ્લૂ હાઉસના કેપ્ટન તરીકે દ્રશ્ય પટેલ અને રેડ હાઉસના કેપ્ટન તરીકે આયેશા શેખની નિયુક્તિ કરી પદગ્રહણ કરાવવામાં આવ્યું હતું. શાળા સફાઈ પ્રતિનિધિ તેમજ ત્રણ મજલાના પ્રતિનિધિઓને પણ આજના પદગ્રહણ સમારોહમાં શપથ લેવડાવ્યા હતા અને સમગ્ર વર્ષ દરમિયાન યોગ્ય કામગીરી કરવા જણાવ્યુ હતું. આ પ્રસંગે શાળાના શિક્ષિકા પ્રિયંકા ભાટી મેડમે શપથ ગ્રહણ કરાવ્યાં હતાં. નિયુક્ત પામેલા પ્રતિનિધિઓને શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમનું સંચાલન નિખિલ સર તેમજ પ્રિયંકા ભાટી મેડમે કર્યું હતું. આ પ્રસંગે આભારવિધિ શાળાના એક્ટિવિટી ઈન્ચાર્જ સુખરામ એમ. ચૌધરીએ કરી હતી.

"એ.એ.એ."ની ટીમ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની મુલાકાત લેશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આગામી તા. ૮ અને ૯ જુલાઈના રોજ કે.જી.સી. દ્વારા નિમાયેલ એ.એ.એ.ની ટીમ સંસ્થાની મુલાકાતે આવનાર છે. જે ટીમ દ્વારા સંસ્થાનું મુલ્યાંકન કરવામાં આવશે.

સે-૨૧ ખાતે યોગ માર્ગદર્શન કેમ્પ વિનામુલ્યે યોજાશે

ગાંધીનગર, તા.૫

સરકાર માન્ય લકુલેશ યોગ યુનિવર્સિટીના સર્ટીફિકેટ કોર્સની માહિતી-માર્ગદર્શન કેમ્પનું આયોજન આગામી તા.૭-૭-૧૭ના રોજ સેકટર-૨૧ વાસ્તુનિર્માણ સોસાયટી પ્લોટ નં-૫૧૯-૧ ખાતે સવારે ૬ થી ૭ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે. યોગ દ્વારા સંપૂર્ણ સ્વસ્થ રહો અને આ કેમ્પમાં પધારી યોગ અંગે માર્ગદર્શન તેમજ માહિતી મેળવવા શહેરીજનોને લકુલેશ યુનિવર્સિટીના કો.ઓડીનેટર વી.કે.દવેએ અનુરોધ કર્યો છે.

ચક્ષુદાન

ગાંધીનગર પાસે આવેલા દોલારાણા વાસણા ગામના દશરથસિંહ રાઠોડના પુત્ર સ્વ.અંકિતસિંહ દશરથસિંહ રાઠોડ ઉ-૨૭નું ગત્ તા.૩ જુલાઈના રોજ આકસ્મિક અવસાન થવા પામ્યું છે. સદ્ગતના સ્નેહીજન દશરથસિંહની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. આ કાર્યમાં તબિબિ સેવા ડો. પ્રશાંતિ અને ડો. સૌરભ તેમજ જુનિયર સિટીઝન કાઉન્સીલના ગણપત મકવાણાએ સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય દિલિપ દંતાણીએ કર્યું હતું.

ચિરવિદાય

- સ્વ. હિંમતસિંહ જુગાજી સોલંકી, ઉ.વ. ૬૦
- સ્વ. ચાવડા પરસોત્તમભાઈ નારણભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. ચંદાબેન કાન્તિભાઈ દંતાણી, ઉ.વ. ૭૦

આઈ લવ માય ગાંધીનગર

આશાકિરણ અડાલજા
એચઆર એક્ઝિક્યુટીવ

ગાંધીનગર ગમે

રહેવા માટે એકદમ અનુકૂળ અને રમણીય શહેર હોવા ઉપરાંત આંતરરાષ્ટ્રીય કક્ષાના અભ્યાસ ને રોજગારની તકો અહીં હોવાને કારણે પણ ગાંધીનગર ગમે છે.

નગરજનો

શિક્ષિત, સ્ટેટ ફોરવર્ડ ને સજ્જન.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

હું કોઈ સંસ્થા કે પ્રવૃત્તિ સાથે નિયમિત જોડાયેલી નથી, પરંતુ મીડિયાના માધ્યમથી એ બાબતથી અવગત છું કે અનેક પ્રકારની સંસ્થાઓ અનેક પ્રકારનાં કાર્યક્રમો શહેરમાં કરે છે. એ જ કારણે શહેર પ્રવૃત્તિઓથી ધમધમે છે. સૌને અભિનંદન.

નગરને બહેતર બનાવવા

શહેરના પ્રત્યેક નાગરિકના દિલમાં 'આ નગર મારું છે' એવી ભાવના જન્માવી શકાય તો નગરને બહેતર બનાવી શકાય.

નગર માટે હું કરી શકું

રોજગારલક્ષી માર્ગદર્શન અને વ્યક્તિત્વ વિકાસના ઉપક્રમો માટે મારી સર્વ પ્રકારની સહાય નગરને પૂરી પાડવા માટે હું તૈયાર છું.

ચિલોડા-નરોડા સીકસલેન માર્ગ માટેની ઝડપી કામગીરીથી ઉત્સાહ

હાલના ટુ લેન માર્ગની બાજુમાં જમીન સમતલ બનાવી દેવાઈ : ચિલોડા સર્કલે ઓવરબ્રિજના પિલ્લરની કામગીરી પણ પૂરજોશમાં : વર્ષો જુની સમસ્યાનો અંત નજીક દેખાતા પંથકમાં ખુશીનું મોજુ

ચિલોડા, તા.૫

ચિલોડાથી નરોડા વચ્ચેના નેશનલ હાઈવેનો આઠ કિમીનો ટુકડો સમયાંતરે અકસ્માતો થકી માનવભક્ષી બન્યો હતો. જે અંગે અનેક રજુઆતો પછી ગુજરાત સરકારના સરાહનીય પ્રયાસ થકી આ જીવલેણમાર્ગને સિકસલેન બનાવવા મંજુરી મળી હતી. નેશનલ હાઈવે ઓથોરીટીએ તાત્કાલીક એકશનમાં આવી કામની ફાળવણી કરી દેતા છેલ્લા છ માસથી ચાલતી સિકસલેન કામગીરી ઝડપી બની છે. જેમાં ટુ લેન માર્ગની બાજુમાં જમીન ઉપરના દબાણો દુર કરી સમતલ બનાવી દેવાઈ છે તો બીજી તરફ ચિલોડા સર્કલે ઓવરબ્રિજ માટેના પિલ્લર બનાવી દેવા માટેની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે. ટુંકાગાળામાં ઝડપી કામગીરીથી વાહનચાલકો અને સ્થાનિકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે.

નેશનલ હાઈવે નં ૮ ઉપરના ચિલોડા અને નરોડા વચ્ચેના ટુ લેનને સિકસલેન કરવાની કામગીરી વેગવંતી જણાતા આ માર્ગ ટુંક જ સમયમાં લોકાર્પણ થઈ જશે તેવી આશા બંધાઈ છે. આઠ કિમીના આ ભરપૂર ટ્રાફિકથી વ્યસ્ત રહેતા માર્ગ ઉપર અનેક અકસ્માતો થકી અનેક નિર્દોષોએ જીવ ગુમાવ્યા છે. જે માટે રજુઆતો અને આંદોલન કરી માર્ગને પહોળો કરવા પંથકના લોકોએ બુલંદ માંગ કરી હતી. જેના ફળ સ્વરૂપે રાજયના નાયબ મુખ્ય મંત્રી નિતીનભાઈ પટેલે દિલ્હીમાં આ અંગેની જોરદાર રજુઆત કરી સત્વરે આ માર્ગ પહોળા કરાય તેવી માંગ કરી હતી અને જે સ્વીકારી લેવાતાં હાલ આ માર્ગની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

ચિલોડાથી નરોડા વચ્ચે ટુલેન માર્ગની બાજુની જમીનો ઉપરના દબાણો તથા નડતર વૃક્ષો હટાવી ચોખ્ખું કરીદઈ સીકસલેન જેટલી જગ્યા સમતળ થઈ ગઈ છે. વધુમાં ચિલોડા સર્કલની વચ્ચોવચ્ચ ઓવરબ્રિજ માટેના પિલ્લરની કામગીરી પણ શરુ થઈ ગઈ છે. ટુંક સમયમાં માર્ગ સિકસલેન બનવા જઈ રહ્યો છે ત્યારે લોક સહકાર અને નેશનલ હાઈવે ઓથોરીટીની સરાહનીય કામગીરીથી પ્રશંસા થઈ રહી છે. દબાણમાં આવતા દબાણકારોએ સ્વેચ્છાએ હટી જઈ વિકાસના આ કામને પ્રાધાન્ય આપ્યું છે. જેથી વર્ષો જુની વિકરાળ સમસ્યાનો અંત નજીક દેખાતાં પંથકમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે.